મળ્યા તારીખ :
દાખલ કર્યા તારીખ :
ફેંસલ કર્યા તારીખ :
અ વ ધિ : દિવસો વર્ષ માસ

# દાહોદના મહે. બીજા એડીશનલ સેશન્સ જજશ્રીની કોર્ટમા

**મુ. દાહોદ**

**સે.કે.નં.૧૮/૨૦૧૮**

આંક:

શ્રી સરકાર

**:: ફરિયાદી ::**

:: **વિરુધ્ધ** ::

(૧) દિલીપભાઈ માનુભાઈ પારગી
રહે. બાલાવાસા, તા. થાંદલા
જી. ઝાબુઆ,મધ્યપ્રદેશ
(૨) એમનભાઈ ખુમસીંગભાઈ મુનીયા
રહે. ચાકલીયા, મહુડી ફળીયા
તા. ઝાલોદ,જી. દાહોદ
(૩) સંતોષભાઈ ધુળાભાઈ ડામોર
રહે. કાકરાકુવા, તા. ઝાલોદ
જી. દાહોદ
(૪) રસુભાઈ કલજીભાઈ મહીડા
રહે. ચોરાછોટા, તા. સજજનગઢ
જી. બાંસવાડા, રાજસ્થાન

**:: આરોપીઓ::**

---

શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી ડી.એસ.પરમાર
આરોપીઓ નં. ૧ થી ૩ તરફે વિ.વ.શ્રી એસ.વી.મલેક
આરોપી નં. ૪ તરફે વિ.વ.શ્રી એ.વી.ચૌહાણ

---

મળ્યા તારીખ :
દાખલ કર્યા તારીખ :
ફેંસલ કર્યા તારીખ :
અ વ ધિ : દિવસો વર્ષ માસ

**<u>સે.કે.નં.૧૧૩/૨૦૧૮</u>**

શ્રી સરકાર

**:: ફરિયાદી ::**

:: **<u>વિરુધ્ધ</u>** ::

સુનીલભાઈ ઉર્ફે સુનીયો એહન ચારેલ
રહે. ઝારડી, બેડવા ફળીયુ,
તા.થાંદલા,જી. ઝાબુઆ,મધ્યપ્રદેશ

**: : આરોપી::**

---

શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી ડી.એસ.પરમાર
આરોપી તરફે વિ.વ.શ્રી એ.વી.ચૌહાણ

---

મળ્યા તારીખ :
દાખલ કર્યા તારીખ :
ફેંસલ કર્યા તારીખ :
અ વ ધિ : દિવસો વર્ષ માસ

**<u>સે.કે.નં.૧૪૩/૨૦૧૯</u>**

શ્રી સરકાર

**:: ફરિયાદી ::**

:: **<u>વિરુધ્ધ</u>** ::

(૧) સુરેશભાઈ કલાભાઈ મુનીયા
રહે.ચાકલીયા, મોટીમહુડી
તા. ઝાલોદ,જી. દાહોદ

(૨) બીનુભાઈ વાલાભાઈ ચારેલ
રહે. ઝારણી, બેડવા ફળીયા,
તા.થાંદલા, જી.ઝાબુઆ,મધ્યપ્રદેશ

**ગુનો:** ઈ.પી.કો.કલમ ૩૦૭,૫૦૪,૧૧૪ તથા આર્મ્સ એકટની કલમ ૨૫(૧–બી)(એ), ૨૭ મુજબ

---

શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી ડી.એસ.પરમાર
આરોપીઓ તરફે વિ.વ.શ્રી ડી.એસ.રાઠોડ

---

## // જ જ મે ન્ ટ //

(૧) આ કામનાં આરોપીઓ સામે લીમડી પોલીસ સ્ટેમા નોંધાયેલ ફ.ગુ.ર.નં.૬૭/૧૭ થી ઈ.પી.કો.ક ૩૦૭,૫૦૪,૧૧૪ તથા આર્મ્સ એકટની કલમ ૨૫(૧–બી) એ. ૨૭ મુજબના ગુનાની તપાસ કરી અલગ અલગ ચાર્જશીટ ઝાલોદના વિ. જયુ. મેજી.ફ.ક શ્રીની કોર્ટમા રજુ કરેલ અને ત્યારબાદ સદરહુ ત્રણેય કેસો સેશન્સ કોર્ટ દાહોદ તરફ કમીટ કરતા આ કોર્ટમા ઉપસ્થિત થયેલા. આ ત્રણેય કેસો એક જ એફ.આઈ.આર. ઉપરથી ઉપસ્થિત થયેલા હોઈ મારા પુરોગામી ન્યાયાધીશશ્રીએ કરેલ આંક:૧૫ અને આંક: ૭૮ ના હુકમ મુજબ ત્રણેય કેસોનો પુરાવો ક્રિ.પ્રો. કો.ક. ૨૨૨ અન્વયે સયુંકત રીતે નોંધવામા આવેલ છે અને ત્રણેય કેસનો ચુકાદો પણ સયુંકત રીતે આપવામા આવેલ છે.

(૨) આ કામે ફરીયાદપક્ષના કેસની ટુંકમા હકીકત એવા પ્રકારની છે કે, આ કામના ફરીયાદી મગનભાઈ વાલજીભાઈ કટારા રહે. જુનાચાકલીયા, આશ્રમ ફળીયુ, તા. ઝાલોદનાઓએ તા. ૧૦–૦૭–૨૦૧૭ ના રોજ લીમડી પોલીસ સ્ટેશનમા એવા મતલબની

ફરીયાદ નોંધાવેલ છે કે, તા. ૦૯–૦૭–૨૦૧૭ ના ર)જ બપોરના એક વાગ્યે તેમને તથા તેમના ફળીયાના રામાભાઈ હુમલાભાઈ નીનામા, મનુભાઈ મગનભાઈ ડામોર, રૂમાનભાઈ બદીયાભાઈ ડામોર તથા સામાભાઈ હુમલાભાઈ નિનામાને ચાકલીયા મોટીમહુડી ગામના એમનભાઈ ખુમાનભાઈ મુનીયા સાથે જુના ચાકલીયા ગામમા આવેલ જંગલની જમીનમા છેલ્લા વીસ વર્ષથી ઘાસ કાપતા હોય જે ઘાસ કાપવા બાબતે ઝઘડો ચાલતો હોઈ તેમણે તથા એમનભાઈએ પંચરાહે સમાધાન કરાવવા માટે તેમના ગામના તાનસીંગભાઈ મડીયાભાઈ ડામોર, સોમસીંગભાઈ પારસીંગભાઈ ડામોર, પંકજભાઈ કરશનભાઈ ડામોર વિગેરે તથા એમનભાઈના પંચના માણસો જેમા એમનભાઈ ખુમાનભાઈ મુનીયા, સુરેશભાઈ કલાભાઈ મુનીયા, સંતોષભાઈ ધુળાભાઈ ડામોર, કનુભાઈ રસુભાઈ કલારા, ગટીભાઈ મલીયાભાઈ મકવાણા વિગેરે બીજા વીસેક જેટલા માણસો ભેગા થયેલા અને બંને ગામના પંચના માણસો વચ્ચે જંગલની જમીનમા ઘાસ કાપવા બાબતેના ઝઘડાની ચર્ચા થયેલી. જે પછી તેમના પંચના માણસોને એમનભાઈના પંચના માણસોએ કહેલ કે, આ જંગલની જમીન તો અમારી છે, જંગલની જમીનમા તમને ઘાસ નહી કાપવા દઈએ. જે પછી બંને પંચના માણસો વચ્ચે બોલાચાલી વધતા એમનભાઈના પંચના માણસોમા એમનભાઈ તથા સંતોષભાઈએ ફરીયાદીના પંચના માણસોને ગાળો બોલવા લાગેલા તે દરમ્યાન સંતોષભાઈ ધુળાભાઈ ડામોરે તેના હાથમાના હથીયારથી એક રાઉન્ડ ફાયરીંગ કરતા ફરીયાદીના પંચના માણસો ભાગવા લાગેલા. તે પછી દિલીપભાઈ માનુભાઈ પારગી આવેલ અને તેણે પણ તેના હાથમા રહેલી બે ફુટ લાંબી કાળા કલરની બંદુકમાથી એક રાઉન્ડ હવામા ફાયરીંગ કરેલ. ત્યારબાદ એમનભાઈ ખુમાનાભાઈ મુનીયાએ તેના હાથમાની બંદુક ડે તાનસીંગભાઈ મડીયાભાઈ ડામોર સામે એક રાઉન્ડ ફાયરીંગ કરેલ પરંતુ તે નીચે બેસી જતા કોઈને વાગેલ નહી.

(૩) ઉપરોકત મુજબની ફરીયાદ દાખલ થયા બાદ આ ગુનાની તપાસ કરનાર અમલદારે ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કરેલ તથા શોધનુ પંચનામુ કરેલ અને તપાસના અંતે આરોપીઓ (૧)દિલીપભાઈ માનુભાઈ પારગી (૨)એમનભાઈ ખુમસીંગભાઈ મુનીયા(૩)સંતોષભાઈ ધુળાભાઈ ડામોર(૪)રસુભાઈ કલજીભાઈ મહીડાને અટક કરી

તેઓ સામેનુ ચાર્જશીટ ઝાલોદની જયુ.મેજી.ફ.ક. કોર્ટમા રજુ કરતા તેને ક્રિમી. કેસ નં. ૮૮૮/૧૭થી નોંધવામા આવેલ.

ત્યારબાદ આરોપીઓ (૧) મનુભાઈ મોહનભાઈ ચારેલ (૨) સુનીલભાઈ ઉર્ફે સુનીયો એહન ચારેલનાઓને અટક કરી તેઓ સામેનુ ચાર્જશીટ ઝાલોદના જયુ.મેજી.ફ.ક. કોર્ટમા રજુ કરતા તેને ક્રિમી.કેસ નં.૪૬૯/૧૮ થી નોંધાવામા આવેલ.

ત્યારબાદ આરોપીઓ(૧) સુરેશભાઈ કલાભાઈ મુનીયા(૨) બીનુભાઈ વાલાભાઈ ચારેલનાઓને અટક કરી તેઓ સામેનુ ચાર્જશીટ ઝાલોદી જયુ.મેજી.ફ.ક. કોર્ટમા રજુ કરતા તેને ક્રિમી.કેસ નં. ૮૭૬/૧૯ થી નોંધાવામા આવેલ. પરંતુ આરોપીઓ સામે નોંધાયેલ ઈ.પી.કો.ક. ૩૦૭ અન્વયેના ગુના સબબ ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા ફકત સેશન્સ કોર્ટને જ હોઈ અને ત્યારબાદ આરોપીઓ સામેના ઉપરોકત તમામ ક્રિમીનલ કેસો સી.આર.પી.સી. કલમ ૨૦૯ ની જોગવાઈ હેઠળ સત્ર ન્યાયાલય, દાહોદમા કમીટ કરતા હાલના સે.કે. નં.૧૮/૧૮, ૧૧૩/૧૮ અને ૧૪૩/૧૯ થી ઉપસ્થિત થયેલા છે.

અત્રે એ હકીકત નોંધવી જરૂરી છે કે, આ કામે મારા અગાઉના વિ. ન્યાયાધીશશ્રીએ આંક: ૭૩ ની વિ. એ.પી.પી.શ્રીની અરજી તળે હુકમ કરી આરોપી મનુભાઈ મોહનભાઈ ચારેલ પુરતુ ચાર્જશીટ અલગ કરવાનો હુકમ ફરમાવેલ છે.

(૪) ત્યારબાદ આ કામે ક્રિ.પ્રો.કો.ક. ૨૦૭ ના પ્રબંધ મુજબ પોલીસ તપાસના કાગળોની નકલો આરોપીઓને મળી ગયાની ખાત્રી કરી મારા પુરોગામી વિ. ન્યાયધીશશ્રી એ આરોપીઓ વિરૂધ્ધ આંક: ૭ થી તહોમતનામું ફરમાવી આરોપીઓના જવાબ લીધેલા જેમા આરોપીઓએ ગુનાનો ઈન્કાર કરી કેસની ન્યાયીક કાર્યવાહી આગળ ચલાવવા માંગણી કરેલ હતી.

(૫) ફરીયાદપક્ષ તરફે ટ્રાયલ દરમ્યાન નીચે મુજબના મૌખીક અને દસ્તાવેજી પુરાવા રજુ કરવામા આવેલ છે.

## -:: મૌખિક પુરાવો::-

| અનુ. નં. | સાહેદનુ નામ | વિગત | આંક |
|---|---|---|---|
| (૧) | કલાભાઈ માનીચાભાઈ સંગાડા | પંચસાહેદ | ૨૦ |
| (૨) | પ્રવિણભાઈ બચુભાઈ પારગી | પંચસાહેદ | ૨૯ |
| (૩) | હકલાભાઈ પારસીંગભાઈ ભગોરા | પંચસાહેદ | ૩૧ |
| (૪) | મગનભાઈ વાલજીભાઈ કટારા | ફરીયાદી | ૮૭ |
| (૫) | અનીલભાઈ કલાભાઈ સંગાડા | સાહેદ | ૯૦ |
| (૬) | કલુભાઈ મડીયાભાઈ વહોનીયા | સાહેદ | ૯૧ |
| (૭) | ગોરસીંગભાઈ કડકીયાભાઈ પણદા | સાહેદ | ૯૨ |
| (૮) | દિનેશભાઈ હવસીંગભાઈ ખડીયા | પંચસાહેદ | ૯૫ |
| (૯) | ચેતાનભાઈ વાલસીંગભાઈ ડામોર | પંચસાહેદ | ૯૭ |
| (૧૦) | નારસીંગભાઈ નુરાભાઈ ખાંટ | સાહેદ | ૧૦૪ |
| (૧૧) | બુચાભાઈ સમુડાભાઈ ડામોર | સાહેદ | ૧૦૭ |
| (૧૨) | મનુભાઈ મગનભાઈ ડામોર | સાહેદ | ૧૦૮ |
| (૧૩) | રામાભાઈ હુમલાભાઈ નીનામા | સાહેદ | ૧૨૬ |
| (૧૪) | મલાભાઈ કાજુભાઈ વહોનીયા | સાહેદ | ૧૩૨ |
| (૧૫) | સમુડાભાઈ મડીયાભાઈ ડામોર | સાહેદ | ૧૩૩ |
| (૧૬) | સોમસીંગભાઈ પારસીંગભાઈ ડામોર | સાહેદ | ૧૩૪ |
| (૧૭) | તાનસીંગભાઈ મડીયાભાઈ ડામોર | સાહેદ | ૧૩૫ |
| (૧૮) | રૂમાલભાઈ બદીયાભાઈ ડામોર | સાહેદ | ૧૩૬ |
| (૧૯) | પંકજભાઈ કરશનભાઈ ડામોર | સાહેદ | ૧૩૭ |
| (૨૦) | સંગજીભાઈ બદીયાભાઈ ડામોર | સાહેદ | ૧૩૮ |
| (૨૧) | સોમાભાઈ હુમલાભાઈ ડામોર | સાહેદ | ૧૩૯ |
| (૨૨) | રૂમાલભાઈ મતાભાઈ મુનીયા | પંચસાહેદ | ૧૪૦ |
| (૨૩) | હકકરીયાભાઈ પારસીંગભાઈ વહોનીયા | પંચસાહેદ | ૧૪૨ |
| (૨૪) | જીગરભાઈ રમેશભાઈ ભાભોર | પંચસાહેદ | ૧૪૩ |

| | | | |
|---|---|---|---|
| (૨૫) | રાજેશભાઈ રમેશભાઈ દહમા | પંચસાહેદ | ૧૪૪ |
| (૨૬) | રાકેશભાઈ જશુભાઈ કલાસવા | પંચસાહેદ | ૧૪૫ |
| (૨૭) | શનાભાઈ લાલાભાઈ કલાસવા | પંચસાહેદ | ૧૪૭ |
| (૨૮) | મનુભાઈ મડુભાઈ ચૌહાણ | પંચસાહેદ | ૧૫૦ |
| (૨૯) | સચીનભાઈ રમેશભાઈ પરમાર | પંચસાહેદ | ૧૫૨ |
| (૩૦) | ચીમનભાઈ કશનાભાઈ પરમાર | પી.એસ.ઓ. | ૧૬૩ |
| (૩૧) | ભીખાભાઈ કાળુભાઈ બારીયા | ત.ક.અમલદાર | ૧૭૪ |
| (૩૨) | પ્રમાતસીહ પુનાભાઈ ભોઈ | ત.ક.અમલદાર | ૧૮૮ |
| (૩૩) | મહેશભાઈ નરવતભાઈ ભગોરા | ત.ક.અમલદાર | ૧૯૧ |
| (૩૪) | પ્રવિણકુમાર મોતીલાલ જુડાલ | ત.ક.અમલદાર | ૨૦૦ |

## –::દસ્તાવેજી પુરાવો ::–

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ તથા ત્યાંથી છ કારતુસ, ત્રણ ફુટેલા કારતુસ, એક ફુટલો કારતુસ કબજે કર્યાનુ પંચનામુ | ૨૧ |
| ૨ | આરોપી સંતોષ ધુળાએ તથા આરોપી એમન ખુમસીંગે ગુનામા ઉપયોગમા લીધેલ લાકડી રજુ કર્યાનુ તથા શરીરસ્થિતિનુ પંચનામુ | ૩૦ |
| ૩ | ફરીયાદ | ૮૭ |
| ૪ | આરોપી વિનુ વાલાનુ અટક જગ્યાનુ પંચનામુ | ૮૮ |
| ૫ | આરોપીએ બાવેલ ગુનાવાળી જગ્યાનુ શોધનુ પંચનામુ | ૯૬ |
| ૬ | આરોપી સુરેશ કલા ધ્વારા ગુનાવાળી જગ્યાનુ શોધનુ પંચનામુ | ૧૪૧ |
| ૭ | આરોપી વિનુ વાલા ધ્વારા શોધનુ પંચનામુ | ૧૪૬ |
| ૮ | આરોપીએ એક રાયફલ તથા એક કારતુસ રજુ કર્યાનુ પંચનામુ | ૧૫૧ |
| ૯ | એફ.એસ.એલ. સ્થળ પરિક્ષણ અહેવાલ | ૧૭૫ |
| ૧૦ | જીલ્લા મેજીસ્ટ્રેટની ચાર્જશીટ માટે મંજુર માંગતો પત્ર | ૧૭૬ |
| ૧૧ | એફ.એસ.એલ.અમદાવાદ રવાનગી નોંધ તથા સત્તા પ્રમાણપત્ર | ૧૭૭ |
| ૧૨ | આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ કરવા સારૂ જીલ્લા મેજી.શ્રીએ આપેલ મંજુરી | ૧૮૯ |
| ૧૩ | એફ.એસ.એલ. અમદાવાદનો રીપોર્ટ | ૧૯૦ |

(૬) ફરીયાદપક્ષે વિ. એ.પી.પી.શ્રીએ આંક–૨૦૨ ની પુરસીસ રજુ કરી વધુ કોઈ મૌખીક કે દસ્તાવેજી પુરાવો રજુ કરવા માંગતા ન હોવાનું જાહેર કરે છે. ત્યારબાદ આરોપીઓનુ સી.આર.પી.સી. કલમ ૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધવામા આવેલ છે. જેમા આરોપીઓએ પોતાની વિરૂધ્ધના પુરાવાનો સ્પષ્ટ ઈન્કાર કરેલ છે. અને પોતે નિદોર્ષ છે અને તેઓને ગુનામા ખોટી રીતે સંડોવેલા છે તેઓ પોતે કોઈ ગુનો કરેલ નથી તેવુ જણાવેલ છે. આરોપીએ સોગંદ ઉપર જાતે પુરાવો રજુ કરવા તથા બચાવમાં સાહેદો તપાસવા માંગતા ન હોવાનુ જણાવેલ છે.

(૭) આ કામે વિ.એ. પી.પી.શ્રીએ તેમની મૌખીક દલીલોમા રેકર્ડ ઉપર રજુ થયેલ દસ્તાવેજી અને મૌખીક પુરાવાને ઘ્યાને લઈ યોગ્ય હુકમ ફરમાવવામા વિનંતી કરી છે.

જયારે આરોપીઓ તેમના વિ.વકીલશ્રીઓની સયુંકત મૌખીક દલીલો ઘ્યાને લેતા તેઓએ જણાવેલ છે કે, ફરીયાદપક્ષ આ કામે રજુ થયેલ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવા આધારે પોતાનો કેસ નિશંકપણે પુરવાર કરી શકેલ નથી. ફરીયાદપક્ષના સાહેદોના પુરાવા આધારે હાલના આરોપીઓ પૈકી કોઈપણ આરોપીએ ફાયરીંગ કરેલ હોય તેવુ બહાર આવતુ નથી. ફરીયાદીની જુબાની ઘ્યાને લેતા તેણે ફરીયાદમા આરોપીઓ સામે આક્ષેપ કરતી હકીકત લખાવેલ હોવાનો ઈન્કાર કર્યો છે તેમજ ગામના આગેવાનોએ ફરીયાદ લખાવેલી તેણે ફકત સહી કરેલાનુ જણાવે છે. ફરીયાદીના જણાવ્યા મુજબ બનાવ સમયે ઘણા માણસો ભેગા થયેલા અને કોણે શું કર્યુ તેની તેને ખબર નથી. તેવા સંજોગામો ફરીયાદીની ફરીયાદ હકીકત શંકાસ્પદ બની રહે છે. આ બનાવમા કોઈને ઈજા થયેલી નથી. ગુજરાત અને મઘ્યપ્ર દેશની બોર્ડર ઉપર આવેલ જંગલ ખાતાની જમીનમા ઘાસ કાપવા બાબતે ઝઘડો હોવાનુ રેકર્ડ ઉપર આવેલ છે.આમ હાલના આરોપીઓ પૈકી કોઈપણ આરોપીએ જંગલની જમીનમા ઘાસ કાપવા બાબતે અદાવત રાખી ફરીયાદી, સાહેદોને મારી નાખવાના ઈરાદે બંદુકમાથી ફાયરીંગ કરી ગુનો કરેલ હોવાની હકીકત ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી. પંચો હોસ્ટાઈલ થયેલા હોઈ તેમના પુરાવાથી પંચનામાની હકીકત પુરવાર થતી નથી. આમ, રેકર્ડ ઉપર રજુ

થયેલ સમગ્ર પુરાવા આધારે ફરીયાદપક્ષ આરોપીઓ સામેનો કેસ નિશંકપણે પુરવાર કરવામા નિષ્ફળ નિવડેલ હોઈ આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરી છે.

(૮) આ કેસના સંજોગો તથા ઉપર મુજબનો મૌખીક અને દસ્તાવેજી પુરાવો,દલીલો ઘ્યાને લેતા આ કેસનો નિર્ણય કરવા માટે નીચે મુજબના મુદૃાઓ ઉપસ્થિત થાય છે.

મુદૃા નં.૧ :–શું ફરીયાદપક્ષ નિશંકપણે પુરવાર કરે છે કે, આરોપીઓએ તા. ૦૯–૦૭–૨૦૧૭ નારોજ ક.૧૩–૦૦ વાગ્યે ચાકલીયા ગામે જંગલની જમીનમા ઘાસ કાપવા બાબતે થયેલ અગાઉના ઝઘડાનુ પંચરાહે સમાધાન કરવા ફરીયાદી અને આરોપીઓ તથા પંચના માણસો ભેગા થયેલા જેમા આરોપીઓએ બોલાચાલી કરી મા–બેન સમાણી ગાળો આપી આરોપી સંતોષભાઈ તથા સુરેશભાઈ તથા દિલીપભાઈએ હવામા ફાયરીંગ કરેલ તેમજ આરોપી એમનભાઈ ખુમાનભાઈ સંગાડાએ તેના હાથમાની બંદુક વડે તાનસીંગભાઈ મડીયાભાઈ ડામોર સામે તેને મહાવ્યથા પહોચાડી મારી નાખવાના ઈરાદે ફાયરીંગ કરી ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૭, ૫૦૪,૧૧૪ તથા આર્મ્સ એકટની કલમ ૨૫(૧–બી)એ,૨૭ મુજબ સજાનેપાત્ર ગુનાઓ કર્યા છે ?

મુદૃા નં.૨ :– શું હુકમ ?

(૯) ઉપરોકત મુદૃાઓના મારા જવાબ નીચે મુજબ છે.

મુદૃા નં. ૧ :– નકારમા.

મુદૃા નં. ૨ :– આખરી હુકમ મુજબ.

## :: કા ર ણો ::

**મુદ્દા નં. ૧ :-**

(૧૦) કાયદાનો એ પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે, ફરીયાદપક્ષે આરોપી સામે મુકવામા આવેલ તહોમત નિશંકપણે તેમજ સચોટ અને માનવાલાયક પુરાવાથી પુરવાર કરવાનુ રહે છે. ક્રિમીનલ જયુડીશપ્રૂડન્સનો એ પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે, ફરીયાદપક્ષે આરોપી સામે મુકવામા આવેલ તહોમતનામું પુરવાર કરવાનુ રહે છે અને આરોપી સામે મુકવામા આવેલ કેસ નિશંકપણે પુરવાર કરવાની જવાબદારી ફરીયાદપક્ષની છે. કાયદાનો એ પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે, જયારે બે દ્રષ્ટિકોણની શકયતા કેસમા જણાતી હોય તેમાથી એક આરોપી દોષીત છે તે તરફ નિર્દેષ કરતી હોય અને બીજુ આરોપી નિદોર્ષ છે તે તરફ નિર્દેષ કરતી હોય તે સંજોગોમા આરોપીની તરફેણનો દ્રષ્ટિકોણ કોર્ટે ગ્રાહય રાખવો જોઈએ. ઉપરોકત પ્રસ્થાપિત સિધ્ધાંતો નીચેના કેસ લો મા પ્રસ્થાપિત થયેલા છે.

૧. **કાલીરામ વિ.સ્ટેટ ઓફ હિમાચલ પ્રદેશ ૧૯૭૩(૨) એસ.સી.સી.-૮૦૮**
૨. **ચંન્દ્રપાલ વિ. સ્ટેટ ઓફ કર્ણાટકા ૨૦૦૭(૪) એસ.સી.સી.-૪૧૫**
૩. **ઉપેન્દ્રપ્રધાન વિ. સ્ટેટ ઓફ ઓરીસ્સા ૨૦૧૫(૧૧) એસ.સી.સી.-૧૨૪**

વધુમા **ના. સુપ્રીમ કોર્ટ ધ્વારા જોધન વિ. સ્ટેટ ઓફ મધ્યપ્રદેશ ૨૦૧૫(૧૧) એસ.સી.સી.-૫૨** ના ચુકાદામા પેરા નં. ૨૫ અને ૨૬ મા ઠરાવેલ છે કે, હિત ધરાવતા સાહેદના પુરાવામાથી તેનો આરોપીને સંડોવી દેવા માટેનો ઈરાદો ધરાવતો હોય તો તેવા સાહેદના પુરાવા ઉપર આધાર રાખતા પહેલા અન્ય સમર્થનકારક પુરવો રેકર્ડ ઉપર છે કે કેમ ? તે કોર્ટે ચકાસવાનુ રહે છે.

(૧૧) ઉપરોકત તમામ હકીકતો તથા કાયદાકીય પરિસ્થિતિ ધ્યાને રાખી આ કામે ફરીયાદપક્ષ તરફથી આરોપી સામેનુ તહોમત પુરવાર કરવા માટે જે પુરાવો રજુ કરેલ છે તેમા સાહેદ નં. ૧ તરીકે પંચસાહેદ કલાભાઈ માનીયાભાઈ સંગાડાનો પુરાવો આંક: ૨૦

થી લેવામા આવેલો છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમા જણાવેલ છે કે,બનાવના એકાદ વર્ષ અગાઉ લીમડી પોલીસે તેને ચાકલીયા ગામના જંગલમાં પંચમાં રહેવા બોલાવેલ તે જગ્યા ફરીયાદીએ બતાવેલ જે ચાકલીયા ગામનું જંગલ હતુ તે જગ્યાએથી કુલ ૧૦ નંગ કારતુસ પોલીસે કબજે કરેલ. જે પૈકી પ્રથમ છ કારતુસમાં આરોપી દિલીપ માનુએ પોતાની બંદુક માંથી ફાયર કરેલ જે પોલીસે એક પારદર્શક પ્લાસ્ટીકના ડબ્બામાં મુકી પંચો ની સહીઓ વાળી કાપલી મુકી સીલ કરી તપાસના કામે કબજે લીધેલ તેમજ એમનભાઈએ પોતાની પાસેના હથીયાર થી ફાયરીંગ કરેલ તે ત્રણ કારતુસ તેમના રૂબરુ પોલીસે કબજે લીધેલ તેમજ સંતોષભાઈએ પોતાની પાસેના હથીયારથી ફાયરીંગ કરેલ જેમાનું એક કારતુસ પોલીસે કબજે કરેલ. પંચનામાની કાર્યવાહી પોલીસે તેમના રૂબરુ કરેલ. આંક: ૨૧ ના પંચનામામા અને આંક: ૨૨ થી ૨૪ ની મુદ્દામાલ કાપલીઓમા પંચ નં. ૧ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે.

બચાવપક્ષતરફે કરવામા આવેલ ઉલટતપાસમા તેઓએ સ્વીકારેલ છે કે, ફરીયાદી મગનભાઈ તેના ભાઈ થાય છે. તેઓએ સ્વીકારેલ છે કે બનાવ સમયે કોણે શું કર્યુ તેની તેને ખબર નથી. પોલીસે જાતે મુદામાલ કારતુસ જંગલમાંથી વિણેલી. તેઓએ સ્વીકારેલ છે કે પોલીસે લખેલા કાગળમાં તેની સહી લીધેલી પોલીસે તે કાગળમાં શું લખ્યુ, કોનું નામ લખ્યુ તેની તેને ખબર નથી. તેણે સ્વીકારેલ છે કે તે દિલીપ માનુને ઓળખતો નથી અને દિલીપે કોઈ વસ્તુ પોલીસને આપેલ હોય કે પોલીસને બતાવેલ હોય તેવુ તેણે જાણેલ નહી.

(૧૨) ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં.૨ તરીકે પંચસાહેદ પ્રવિણભાઈ બચુભાઈ પારગીને આંક: ૨૯ થી તથા સાહેદ નં. ૩ તરીકે હકલાભાઈ પારસીંગભાઈ ભગોરાને આંક: ૩૧ થી તપાસવામા આવેલા છે. આ બંને સાહેદો આંક: ૩૦ ના આરોપી સંતોષ ધુળાએ તથા આરોપી એમન ખુમસીંગે ગુનામા ઉપયોગમા લીધેલ લાકડી રજુ કરી તે અંગેના તથા શરીર સ્થિતિના પંચસાહેદો છે. આ બંને પંચસાહેદોએ તેમની સોગંદ ઉપરની જુબાનીમા આંક: ૩૦ ના પંચનામાની વિગતે લેશમાત્ર સમર્થન કરેલ ના હોઈ વિ. એ.પી.પી.શ્રીની મૌખીક

વિનતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરી તેઓની વિગતવાર ઉલટતપાસ કરવાછતાં તેઓએ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપેલ નથી.

(૧૩) ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં.૩ તરીકે ફરીયાદી મગનભાઈ વાલીભાઈ કટારાને આંક: ૮૬ થી તપાસવામા આવેલા છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમા જણાવેલ છે કે બનાવ ત્રણ–ચાર વર્ષ પહેલા પંચાણામાં બનેલો અને પંચાણુ જમીનમાંથી ઘાસ કાપવા બાબતે રાખેલું. આ પંચાણુ બે ગામના લોકો વચ્ચે રાખેલું. જેમાં મહુડી ગામના તથા જુના ચાકલીયા ગામના માણસો ભેગા થયેલા. તે વખતે પંચના માણસો વચ્ચે બોલાચાલી થયેલી. ત્યાર પછી શું થયેલું તેની તેને ખબર નથી. તે સમયે કોઈએ ગાળાગાળી કરેલી હોય કે ઝઘડો કરેલો હોય તેવું બનેલું નહીં. તે વખતે કોઈએ ફાયરીંગ કરેલું હોય અને તેના કારણે કોઈ માણસને ગોળી વાગતા વાગતા રહી ગયેલ હોય તેવું બનેલું નહીં. એવું પણ બનેલું નહીં કે પાછળથી બીજા કોઈ માણસો આવી ગયેલા હોય અને તેમણે પણ ફાયરીંગ કરેલું હોય. બનાવ બાબતે ગામવાળા સાથે જઈને તેણે ફરીયાદ આપેલી. તેને ગામવાળાઓએ ફરીયાદમાં સહી કરવાનું કહેતા તેમાં સહી કરી આપેલી. આંક:૮૭ની ફરીયાદમા પોતાની સહી ઓળખી બતાવે છે.

આ સાહેદે તેમની સોગંદ ઉપરની જુબાનીમા ફરીયાદક્ષના કેસની વિગતે સમર્થન કરેલ ના હોઈ વિ. એ.પી.પી.શ્રીની મૌખીક વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરી તેઓની વિગતવાર ઉલટતપાસ કરવાછતાં તેઓએ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરેલ નથી.

આરોપીપક્ષ તરફથી કરવામા આવેલી ઉલટતપાસમા તેઓએ સ્વીકારેલ છે કે બનાવવાળી જગ્યા જંગલની જમીન છે અને તે જમીન ગુજરાત અને મધ્યપ્રદેશની બોર્ડર ઉપર છે અને તે જંગલની જમીન ગુજરાત અને મધ્યપ્રદેશના અલગ અલગ લોકો ખેડી નાંખે છે. તેઓએ સ્વીકારેલ છે કે બનાવ સમયે ઘણા બધા લોકો ભેગા થઈ ગયેલા અને તે લોકોમાંથી કોણે શું કરેલું તે તેણે જોયેલું નહીં. તેણે સ્વીકારેલ છે કે આરોપીઓ દીલીપ અને એમનભાઈએ કોઈ ફાયરીંગ કરેલ હોય તેવું પણ તેણે જોયેલ નથી. તેણે સ્વીકારેલ છે કે આગેવાનોએ પંચોના માણસોના નામો ફરીયાદમાં લખાવી દીધેલા પરંતુ તેણે ફરીયાદમાં કોઈ માણસોના નામો આપેલા હોય કે કોઈની સામે આક્ષેપો કરેલા હોય તેવું બનેલું નથી. તેણે

સ્વીકારેલ છે કે તેના ગામના માણસોએ ફરીયાદ લખાવેલી અને તેમાં તેણે માત્ર સહી કરેલી અને તે સીવાય ફરીયાદની કોઈ હકીકત તે જાણતો નથી.

(૧૪) ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં. ૫ અનીલભાઈ કલાભાઈ સંગાડાને આંક: ૯૦ થી તપાસવામા આવેલા છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમા જણાવેલ છે કે, બનાવ પંચાણામાં બનેલો અને પંચાણુ જમીનમાંથી ઘાસ કાપવા બાબતે રાખેલું. આ પંચાણાંમા મહુડી ગામના તથા જુના ચાકલીયા ગામના માણસો ભેગા થયેલા. તે વખતે પંચના માણસો વચ્ચે બોલાચાલી થયેલી. ત્યાર પછી શું થયેલું તેની તેને ખબર નથી. તે સમયે કોઈએ ગાળાગાળી કરેલી હોય કે ઝઘડો કરેલો હોય તેવું બનેલું નહીં. તે વખતે કોઈએ ફાયરીંગ કરેલું હોય અને તેના કારણે કોઈ માણસને ગોળી વાગતા વાગતા રહી ગયેલ હોય તેવું બનેલું નહીં. એવું પણ બનેલું નહીં કે પાછળથી બીજા કોઈ માણસો આવી ગયેલા હોય અને તેમણે પણ ફાયરીંગ કરેલું હોય. બનાવ બાબતે ગામવાળા સાથે જઈને ફરીયાદ આપેલી. બનાવ વખતે જે માણસો હતા તેમાં કોર્ટમાં જે માણસો હાજર છે તેમને તેણે જોયેલા નહીં. આરોપીઓના નામો ગામવાળાઓએ લખાવેલા.

આ સાહેદે તેની સોગંદ ઉપરની જુબાનીમા પોલીસ રૂબરૂ લખાવેલ નિવેદનને સમર્થન કરતા ના હોઈ વિ. એ.પી.પી.શ્રીની મૌખીક વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરી તેઓની વિગતવાર ઉલટતપાસ કરવાછતાં તેઓએ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરેલ નથી.

(૧૫) ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં.૬ તરીકે કલુભાઈ મડીયાભાઈ વહોનીયાને આંક: ૯૧થી તથા સાહેદ નં.૭ તરીકે ગોરસીંગભાઈ કડકીયાભાઈ પણદાને આંક: ૯૨ થી તપાસવામા આવેલા છે. આ બંને સાહેદોનો પુરાવો ધ્યાને લઈએ તો તેઓના જણાવ્યા બનાવ પંચાણામાં બનેલો અને પંચાણુ જમીનમાંથી ઘાસ કાપવા બાબતે બે ગામના લોકો વચ્ચે રાખેલું. જેમાં મહુડી ગામના તથા જુના ચાકલીયા ગામના માણસો ભેગા થયેલા. તે વખતે પંચના માણસો વચ્ચે બોલાચાલી થયેલી. ત્યાર પછી શું થયેલું તેની તેમને ખબર નથી. તે સમયે કોઈએ ગાળાગાળી કરેલી હોય કે ઝઘડો કરેલો હોય તેવું બનેલું નહીં. તે વખતે કોઈએ ફાયરીંગ કરેલું હોય અને તેના કારણે કોઈ માણસને ગોળી વાગતા વાગતા રહી

ગયેલ હોય તેવું બનેલું નહીં. એવું પણ બનેલું નહીં કે પાછળથી બીજા કોઈ માણસો આવી ગયેલા હોય અને તેમણે પણ ફાયરીંગ કરેલું હોય. બનાવ બાબતે ગામવાળા સાથે જઈને ફરીયાદ આપેલી. બનાવ વખતે જે માણસો હતા તેમાં કોર્ટમાં જે માણસો હાજર છે તેમને તેમણે જોયેલા નહીં. આરોપીઓના નામો ગામવાળાઓએ લખાવેલા.

આ બંને સાહેદોએ તેમની સોગંદ ઉપરની જુબાનીમા પોલીસ રૂબરૂના નિવેદનની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ ના હોઈ વિ. એ.પી.પી.શ્રીની મૌખીક વિનંતીથી તેઓ બંનેને ફરી ગયેલા સાહેદ જાહેર કરી તેઓની વિગતવાર ઉલટતપાસ કરવાછતાં તેઓએ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરેલ નથી.

આરોપીપક્ષ તરફે કરવામા આવેલ ઉલટતપાસમા તેઓ બંનેએ સ્વીકારેલ છે કે, બનાવ સમયે તેઓ ગામની બહાર હતા અને પોલીસે તેમની કોઈ પુછપરછ કરેલ નથી.

(૧૬) ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં.૮ તરીકે દિનેશભાઈ હવસીંગભાઈ ખડીયા ને આંક: ૯૫ થી તથા સાહેદ નં. ૯ તરીકે ચેતાનભાઈ વાલસીંગભાઈ ડામોરને આંક: ૯૭ થી તપાસવામા આવેલા છે. આ બંને પંચસાહેદો આંક: ૯૬ ના આરોપીઓને બતાવેલ ગુનાવાળી જગ્યાના શોધ અંગેના પંચનામાના પંચસાહેદો છે પરંતુ તેઓ બંનેએ તેમની સોગંદ ઉપરની જુબાનીમા સદરહુ પંચનામાની વિગતે લેશમાત્ર સમર્થન આપેલ ના હોઈ વિ. એ.પી.પી.શ્રીની મૌખીક વિનંતીથી તેઓ બંનેને ફરી ગયેલા સાહેદ જાહેર કરી તેઓની વિગતવાર ઉલટતપાસ કરવાછતાં તેઓએ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરેલ નથી.

(૧૭) ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં.૫ તરીકે નારસીંગભાઈ નુરાભાઈ ખાંટને આંક: ૧૦૪થી, સાહેદ નં. ૧૧ તરીકે બુચાભાઈ સમુડાભાઈ ડામોરને આંક: ૧૦૭થી, સાહેદ નં. ૧૨ તરીકે મનુભાઈ મગનભાઈ ડામોરને આંક: ૧૦૮થી, સાહેદ નં. ૧૩ તરીકે રામાભાઈ હુમલાભાઈ નીનામાને આંક: ૧૨૬થી, સાહેદ નં. ૧૪ તરીકે મલાભાઈ કાજુભાઈ વહોનીયાને આંક: ૧૩૨ થી,સાહેદ નં.૧૫ તરીકે સમુડાભાઈ મડીયાભાઈ ડામોરને આંક:૧૩૩ થી,સાહેદ નં. ૧૬ તરીકે સોમસીંગભાઈ પારસીંગભાઈ ડામોરને આંક: ૧ ૩૪ થી,સાહેદ નં. ૧૭ તરીકે તાનસીંગભાઈ મડીયાભાઈ ડામોરને આંક: ૧૩૫ થી,સાહેદ

નં. ૧૮ તરીકે રૂમાલભાઈ બદીયાભાઈ ડામોરને આંક: ૧૩૬થી,સાહેદ નં. ૧૯ તરીકે પંકજભાઈ કરશનભાઈ ડામોરને આંક: ૧૩૭ થી,સાહેદ નં.૨૦ તરીકે સંગજીભાઈ બદીયાભાઈ ડામોરને આંક: ૧૩૮ થી તથા સાહેદ નં. ૨૧ તરીકે સામાભાઈ હુમલાભાઈ ડામોરને આંક: ૧૩૯ થી તપાસવામા આવેલા છે. આ તમામ સાહેદોએ તેમના પુરાવામા એક સરખી હકીકત જણાવેલ છે જે મુજબ બનાવ કયારે બનેલો તેની તેમને ખબર નથી અને બનાવ બાબતે તેઓએ પાછળથી પણ કોઈ હકીકત જાણેલી નથી. બનાવ સમયે આ તમામ સાહેદો ઘરમા હતા અને પાછળથી બનાવના સ્થળે ગયેલા પરંતુ તેઓએ કોઈને ઓળખેલા નથી. તેમના ગામમા ઘાસ કાપવા બાબતે ઝઘડા ચાલતા હોય અને તેના સમાધાનમા પંચ ભેગુ થયેલ અને ત્યાં ઝઘડો થયેલ હોય અને તેમા કોઈએ ફાયરીંગ કરેલ હોય તેવુ નહી બનેલ હોવાનુ તમામ સાહેદોએ તેમની સરતપાસમા જણાવેલ છે.

આ તમામ સાહેદોએ તેમની સોગંદ ઉપરની જુબાનીમા તેમના પોલીસ રૂબરૂના નિવેદનમા લખાવેલ હકીકતોને લેશમાત્ર સમર્થન આપેલ ના હોઈ વિ. એ.પી.પી.શ્રીની મૌખીક વિનંતથી તેઓ તમામને ફરી ગયેલા જાહેર કરી તેઓ તમામની વિગતવાર ઉલટતપાસ કરવા છતાં તેઓએ ફરીયાદપક્ષના કેસને સ્હેજપણ સમર્થન આપેલ નથી.

આરોપીપક્ષ તરફે કરવામા આવેલી ઉલટતપાસમા તમામ સાહેદોએ કબુલ રાખેલ છે કે, બનાવ બાબતે તેઓ કાંઈ જાણતા નથી અને બનાવ વખતે ઘણાં માણસો ભેગા થઈ ગયેલા.

(૧૮) ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં. ૨૨ તરીકે પંચસાહેદ રૂમાલભાઈ મતાભાઈ મુનીયાને આંક: ૧૪૦ થી તથા સાહેદ નં. ૨૩ તરીકે હકકરીયાભાઈ પારસીંગભાઈ વહોનીયાને આંક: ૧૪૨ થી તપાસવામા આવેલા છે. આ બંને પંચસાહેદો આંક: ૧૪૧ ના આરોપી સુરેશ કલા ધ્વારા ગુનાવાળી જગ્યા બતાવેલ તે શોધના પંચનામાના પંચસાહેદો છે પરંતુ તેઓએ તેમની સરતપાસમા સદરહુ પંચનામાની વિગતે લેશમાત્ર સમર્થન આપેલ ના હોઈ વિ. એ.પી.પી.શ્રીની મૌખીક વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરી તેઓની વિગતવાર ઉલટતપાસ કરવાછતા તેઓએ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપેલ નથી.

આરોપીપક્ષ તરફે કરવામા આવેલ ઉલટતપાસમા તેઓએ સ્વીકારેલ છે કે, તૈયાર પંચનામામા તેમનો અંગુઠો/સહી લીધેલી તે સિવાય બીજુ કાંઈ તેઓ જાણતા નથી.

(૧૯) ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં. ૨૪ તરીકે જીગરભાઈ રમેશભાઈ ભાભોરને આંક: ૧૪૩ થી તથા સાહેદ નં. ૨૫ તરીકે રાજેશભાઈ રમેશભાઈ દહમાને આંક: ૧૪૪ થી તપાસવામા આવેલા છે. આ બંને પંચસાહેદો આંક: ૮૮ ના આરોપી વિનુ વાલાના અટક પંચનામાના પંચસાહેદો છે. તેઓએ તેમની સોગંદ ઉપરની સરતપાસમા સદરહુ પંચનામાની વિગતે લેશમાત્ર સમર્થન આપેલ ના હોઈ વિ. એ.પી.પી.શ્રીની મૌખીક વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરી તેઓની વિગતવાર ઉલટતપાસ કરવાછતાં તેઓએ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપેલ નથી.

આરોપીપક્ષ તરફે કરવામા આવેલ ઉલટતપાસમા તેઓએ સ્વીકારેલ છે કે, પોલીસે તૈયાર પંચનામામા સહી લીધેલી તે સિવાય તેઓ કાંઈ જાણતા નથી.

(૨૦) આ કામે ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં. ૨૬ તરીકે રાકેશભાઈ જશુભાઈ કલાસવાને આંક: ૧૪૫ થી તથા સાહેદ નં.૨૭ તરીકે શનાભાઈ લાલાભાઈ કલાસવાને આંક: ૧૪૭ થી તપાસવામા આવેલા છે. આ બંને પંચસાહેદો આંક: ૧૪૬ ના આરોપી વિનુ વાલા ધ્વારા શોધના પંચનામાના પંચસાહેદો છે પરંતુ આ બંને પંચસાહેદોએ તેમની સોગંદ ઉપરની સરતપાસમા સદરહુ પંચનામાની વિગતે લેશમાત્ર સમર્થન આપેલ ના હોઈ વિ. એ.પી.પી.શ્રીની મૌખીક વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરી તેઓની વિગતવાર ઉલટતપાસ કરવાછતા તેઓએ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપેલ નથી.

આરોપીપક્ષ તરફે કરવામા આવેલ ઉલટતપાસમા તેઓએ સ્વીકારેલ છે કે, પોલીસે તૈયાર પંચનામામા સહી લીધેલી તે સિવાય તેઓ કાંઈ જાણતા નથી.

(૨૧) આ કામે ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં. ૨૮ તરીકે મનુભાઈ મડુભાઈ ચૌહાણને આંક: ૧૫૦ થી તથા સાહેદ નં. ૨૯ સચીનભાઈ રમેશભાઈ પરમારને આંક: ૧૫૨ થી તપાસવામા આવેલા છે. આ બંને પંચસાહેદો આંકસ: ૧૫૧ વાળા આરોપી દિલીપ મનુભાઈ પારગીએ એક રાયફલ તથા એક કારતુસ રજુ કરેલ તે અંગેના શોધના પંચનામાના પંચસાહેદો છે. આ બંને પંચસાહેદોએ તેમની સોગંદઉપરની સરતપાસમા સદરહુ પંચનામાની

વિગતે લેશમાત્ર સમર્થન આપેલ ના હોઈ વિ. એ.પી.પી.શ્રીની મૌખીક વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરી તેઓની વિગતવાર ઉલટતપાસ કરવાછતા તેઓએ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપેલ નથી.

આરોપીપક્ષ તરફે કરવામા આવેલ ઉલટતપાસમા તેઓએ સ્વીકારેલ છે કે, પોલીસે તૈયાર પંચનામામા સહી લીધેલી તે સિવાય તેઓ કાંઈ જાણતા નથી. તેઓએ સ્વીકારેલ છે કે, પોલીસે તેમની હાજરીમા કોઈ હથીયાર કબજે કરેલ હોય તેવુ બનેલ નથી.

(૨૨) આ કામે ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં. ૩૦ તરીકે ચીમનભાઈ કશનાભાઈ પરમારને આંક: ૧૬૩ થી તપાસવામા આવેલા છે. આ સાહેદ પી.એસ.ઓ. છે. તેઓને તેમની સોગંદ ઉપરની જુબાનીમા જણાવેલ છે કે,તેઓ તા.૧૦/૦૭/૨૦૧૭ના રોજ લીમડી પો.સ્ટે ખાતે પી.એસ.ઓ તરીકે ફરજ પર હતા ત્યારે પી.એસ.આઈ.શ્રી પી.પી.ભોઈ ના રૂબરુની ફરીયાદ ગુનો રજીસ્ટર થવા માટે તેમનાતરફ આવતા તેઓએ લીમડી પો.સ્ટે.સ્ટેશન ફ઼ુ.ગુ.ર.નં.૬૭/૧૭ થી ઈ.પી.કો.ક. ૩૦૭, ૫૦૪, ૧૧૪ તથા આર્મ્સ એકટની કલમ ૨૫(૧-બી)(એ), ૨૭ મુજબનો ગુનો દાખલ કરેલ અને આગળની તપાસ પોલીસ સબ ઈન્સ્પેકટર શ્રી, લીમડીનાઓને સુપ્રત કરેલી અને તે અંગેની નોંધ સ્ટેશન ડાયરીમાં કરેલી.

બચાવપક્ષ તરફે કરવામા આવેલી ઉલટતપાસમા કબુલ કરેલ છે કે, તેમણે ગુનો રજીસ્ટર કર્યા સિવાય તપાસની કોઈ કામગીરી કરેલ નથી.

(૨૩) આ કામે ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં. ૩૧ તરીકે ભીખાભાઈ કાળુભાઈ બારીયાને આંક: ૧૭૪ થી તપાસવામા આવેલા છે. આ સાહેદ આ ગુનાની તપાસ કરનાર અમલદાર છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમા જણાવેલ છે કે, તેઓ સને-૨૦૧૭ મા લીમડી પોલીસ સ્ટેશનમા પી.આઈ. તરીકે ફરજ બજાવતા હતા ત્યારે આ ગુનાની તપાસમા તેઓએ આ ગુનાની તપાસ સંભાળી લીધેલી. તે દરમ્યાન લીમડી પો.સ્ટે. સે. પાર્ટ.૫૪/૧૭ આર્મ્સ એકટની કલમ.૨૫(૧-બી)(એ) મુજબના ગુનાની તપાસના કામે આરોપી દિલીપભાઈ માનુભાઈ પારગીને અટક કરવામા આવેલો અને તેની પુછપરછ દરમ્યાન લીમડી પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૧૨૫/૧૬ ના ગુનાની કબુલાત કરેલી અને આ ચોરી

ઘરફોડના ગુનામા ચોરીમા ગયેલ મુદ્દામાલ ઈન્સાસ રાઈફલ બાબતે આરોપી જણાવતો હોય તેને સાથે રાખી પુરાવાની કલમ–૨૭ મુજબનુ બે પંચોની હાજરીમા શોધનુ પંચનામુ કરેલુ અને પંચનામાની વિગતે આરોપીના રહેઠાણના ઝુપડાં વાળા ઘરેથી લાકડાના ઢગલાં માંથી કાઢી બતાવતાં તપાસના કામે કબજે કરવામા આવેલ. તે જગ્યાએથી પિત્તળના ધાતુના ખાલી કારતુસ મળી આવેલો તે તપાસના કામે કબજે લીધેલો અને પંચનામાની વિગતે આરોપીએ કબુલ કરેલ કે, આ ઈન્સાસ રાઈફલ લીમડી ફ.ગુ.ર.નં. ૬૭/૧૭ ના ગુનાના (હાલના ગુનાના કામે)કામે ઉપયોગ કરેલો અને ફાયરીંગ કરેલુ. આ ગુનાના કામે આરોપી સંતોષભાઈ ધુળાભાઈ ડામોર તથા એમન ખુમસીંગ ઉર્ફે ખુમાનભાઈ મુનીયાનાઓને અટક કરેલા અને તેમણે ગુનાના કામે વાપરેલ હથિયાર લાકડી રજુ કરેલી. જે પંચનામા ની વિગતે કબજે લીધેલી. મ તેઓએ આ ગુનાના કામે આરોપી રસુભાઈ કલજીભાઈ મહીડા નાઓ મળી આવતા તેઓને તપાસના કામે અટક કરી કોર્ટમા રજુ કરેલા. તપાસના કામે સદર ગુનો આર્મ્સ એકટની કલમ.૨૫(૧–બી)(એ) નો બનતો હોય આરોપી સામે ચાર્જશીટ દાખલ કરેલ. મહે. જિલ્લા મેજીસ્ટ્રેટ દાહોદનાઓની મંજુરી મેળવવા આંક: ૧૭૬ નો રીપોર્ટ કરેલો. તપાસના કામે મળી આવેલ ઈન્સાસ રાઈફલ તથા ફુટેલા કારતુસ તથા જીવતા કારતુસ એફ.એસ.એલ. માટે અમદાવાદ તરફ મોકલી આપેલા તેમને મુદ્દામાલ આર્ટીકલ નં.૧ ઈન્સાસ રાઈફલ બતાવતા તે આરોપી દિલીપભાઈ માનુભાઈ પાસેથી લીમડી પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૧૨૫ /૧૬ ના કામે કબજે લીધેલ તે તેજ છે. તેમાંથી નીકળેલ પંચોની સહીઓ વાળી સ્લીપ મને બતાવતા જેમા પંચ નં.૧ તરીકે મનુભાઈ મડુભાઈ ચૌહાણ તથા પંચ નં.૨ તરીકે સચીનભાઈ રમેશભાઈ પરમારની સહી છે અને રૂબરૂ મા તેમની સહી છે.તેમને મુદ્દામાલ આર્ટીકલ નં.૨ વાળો ફુટેલો કારતુસ બતાવવામાં આવે છે જે આરોપી દિલીપભાઈ માનુભાઈ પાસેથી લીમડી પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૧૨૫/૧૬ ના કામે કબજે લીધેલ તે તેજ છે. તેમણે આરોપી દિલીપભાઈ માનુભાઈ પારગી, એમનભાઈ ખુમાનભાઈ મુનીયા, સંતોષભાઈ ધુળાભાઈ ડામોર, રસુભાઈ કલજીભાઈ મેડા નાઓની સામે ગુનાના કામે પુરતા પુરાવા આવતા હોય તેઓની વિરુધ્ધ નામ. કોર્ટમા ચાર્જશીટ દાખલ કરેલ.

આરોપીપક્ષ તરફથી કરવામા આવેલી ઉલટતપાસમા તેઓએ તે વાતનો ઈન્કાર કર્યો છે કે,આરોપીઓ પાસેથી આક્ષેપિત કહેવાતો મુદ્દામાલ મળી આવેલ અને પંચનામુ

જાતે તૈયાર કરી તૈયાર પંચનામામાં પંચોની સહીઓ પોલીસ સ્ટેશને લીધેલ. તેઓએ એ વાતનો પણ ઈન્કાર કર્યો છે કે, આરોપીઓને ખોટી રીતે હાલના ગુનામા સંડોવી દઈ ખોટી રીતે અટક કરી પુરતો પુરાવો ન હોવા છતા ખોટું ચાર્જશીટ કરેલ છે.

(૨૪) ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં. ૩૨ તરીકે પ્રભાતસીહ પુનાભાઈ ભોઈને આંક: ૧૮૮ થી તપાસવામા આવેલા છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમા જણાવેલ છે કે, તેઓ સને ૨૦૧૭ માં પી.એસ.આઈ તરીકે લીમડી પોલીસ સ્ટેશન ખાતે ફરજ બજાવતા હતા તે વખતે તા.૧૦/૦૭/૨૦૧૭ ના રોજ ફરીયાદી મગનભાઈ વાલજીભાઈ કટારા નાઓએ તેમના રૂબરુ તેમની વિગતવારની ફરીયાદ હકીકત લખાવેલી જે તેમના લખાવ્યા મુજબની લખી લઈ ગુનો રજીસ્ટર થવા માટે પી.એસ.ઓ તરફ મોકલી આપતા લીમડી પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૬૭/૧૭, ઈ.પી.કો.ક.૩૦૭, ૫૦૪, ૧૧૪, આર્મ્સ એકટની કલમ ૨૫ (૧)(બી) મુજબનો ગુનો રજીસ્ટર કરી તેની તપાસ તેમના તરફ મોકલી આપતા તેમણે આગળની તપાસના કામે બનાવ વાળી જગ્યાનું પંચનામુ બે પંચોની હાજરીમાં કરેલુ. જે ગુનાવાળી જગ્યાએ આરોપી દિલીપ માનુએ ફાયરીંગ કરેલ તે જગ્યાએથી છુટા છવાયા કારતુસ મળી આવેલા જેમા ચાર કારતુસ ફુટેલા હતા અને બે કારતુસ જીવતા હતા. સદર જગ્યાએથી ૩૦ મીટર ઉપર આરોપી એમનભાઈનાઓએ ફાયરીંગ કરેલુ. તે જગ્યાએ તપાસ કરતા થોડા થોડા અંતરેથી ત્રણ ફુટેલા કારતુસ મળી આવેલા તે પછી આ કામના આરોપી સંતોષ ધુળાએ હવામાં ફાયરીંગ કરેલુ તે જગ્યાએથી એક ફુટેલો કારતુસ મળી આવેલો અને તે મુજબનું વિગતવારનું પંચનામુ કરી મળી આવેલા જીવતા તથા ફુટેલા કારતુસો તપાસના કામે પ્લાસ્ટીકની ડબ્બીમાં મુકી પંચોની સહીઓવાળી કાપલીઓ રાખી દોરી થી બાંધી સીલ કરી તપાસ અર્થે કબજે લીધેલા. આ ગુનાની તપાસના કામે અગાઉ પી. એસ.આઈ બી.કે.બારીયાએ લીમડી પો.સ્ટે ૧૨૫/૨૦૧૬ ના ગુનાના કામે ચોરાયેલ મુદામાલ ઈન્સાસ રાયફલ કબજે કરેલી જે આ ગુનાના કામે આરોપી દિલીપ માનુ પારગી નાઓએ હથીયાર તરીકે વાપરેલ જેનુ વિગતવારનું પંચનામુ કરવામાં આવેલ. જે તપાસના કામે સામેલ રાખેલ છે. તપાસના કામે પાછળથી કલેકટરશ્રીની આરોપીઓ વિરૂઘ્ઘ ચાર્જશીટ કરવા માટે મંજુરી મળતા તથા એફ.એસ.એલ રીપોર્ટ આવી જતા તપાસના કામે સામેલ રાખેલ.

આ તપાસના કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા તથા ફરીયાદીનું વધારનાનું નિવેદન તેઓના લખાવ્યા મુજબના તેમના રૂબરુના લખી લીધેલા.

આરોપીપક્ષ તરફથી કરવામા આવેલી ઉલટતપાસમા તેઓએ એ વાતનો ઈન્કાર કર્યો છે કે, પંચનામા પંચોના લખાવ્યા મુજબ લખેલા નથી પરંતુ તેમની જાતે લખેલા તૈયાર પંચનામાઓમા પંચોની સહી લીધેલ અને સાહેદોના નિવેદનો તેમના લખાવ્યા મુજબ લખેલા નહી પરંતુ ફરીયાદીને અનુરૂપ લખી લીધેલા.

(૨૫) ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં. ૩૩ તરીકે મહેશભાઈ નરવતભાઈ ભગોરાને આંક: ૧૯૧ થી તપાસવામા આવેલા છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમા જણાવેલ છે કે, તેઓ સને ૨૦૧૯ માં અ.હે.કો તરીકે લીમડી પો.સ્ટે ખાતે ફરજ ઉપર હાજર હતા તે વખતે નાસતા ફરતા આરોપી બિનુભાઈ વાલાભાઈ ચારેલને એસ.ઓ.જી. શાખા દાહોદનાઓએ અટક કરેલો અને આગળની તપાસ માટે આ ગુનાના કામે તેમણે હસ્તગત કરેલો અને કોર્ટમાં રજુ કરેલો અને રીમાન્ડ સમય દરમ્યાન આરોપીને સાથે રાખી ગુનાવાળી જગ્યાનું શોધ પંચનામુ કરેલુ. તેઓએ આરોપીનું શરીરસ્થિતી તથા અટક કર્યા અંગેનું પંચનામુ બે પંચોને હાજર રાખી કરેલુ. આંક: ૧૪૬ વાળુ પંચનામુઆરોપીએ સ્વેચ્છાએ ગુનાવાળી જગ્યા બતાવવા માંગતો હોઈ બે પંચોને હાજર રાખી તેમના બતાવ્યા મુજબની જગ્યાનું કરેલુ. તપાસના કામે અગાઉ પકડાયેલ આરોપી સુરેશભાઈ કલાભાઈ જાતે મુનીયાનાઓને અગાઉના તપાસ કરનાર અધિકારીએ અટક કરેલો. તપાસના અંતે આરોપી સુરેશભાઈ કલાભાઈ મુનીયા તથા બિનુભાઈ વાલાભાઈ ચારેલની સામે પુરતા પુરાવા આવતા હોય તેઓએ કોર્ટમાં આ બંને આરોપીઓ વિરુધ્ધ પુરવણી ચાર્જશીટ કરેલુ.

આરોપીપક્ષ તરફે કરવામા આવેલ ઉલટતપાસમા તેઓએ એ વાતનો ઈન્કાર કર્યો છે કે, પંચનામાઓ પંચોના લખાવ્યા મુજબ લખેલ નહી પરંતુ તેમની જાતે લખી તૈયાર પંચનામાઓમાં પંચોની સહીઓ લીધેલી તેમજ સાહેદોના નિવેદનો તેઓના લખાવ્યા મુજબ લખેલ નહી પરંતુ ફરીયાદને અનુરુપ લખી લીધેલા. તેઓએ એ વાતનો સ્વીકાર કર્યો છે કે તમામ આરોપીઓને તેમણે અટક કરેલા નહી.

(૨૬) ફરીયાદપક્ષ તરફથી આ કામે સાહેદ નં. ૩૪ તરીકે પ્રવિણકુમાર મોતીલાલ જુડાલને આંક: ૨૦૦ થી તપાસવામા આવેલા છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમા જણાવેલ છે કે,તેઓ સને-૨૦૧૮ મા લીમડી પોલીસ સ્ટેશનમા પી.એસ.આઈ. તરીકે ફરજ બજાવતા હતા તે વખતે આ ગનુાની તપાસમા તેઓએ આરોપીઓ મનુભાઈ મોહનભાઈ ચારેલ તથા સુનીલ ઉર્ફે સુનીયો એહાનભાઈ ચારેલ મળી આવતા તેઓને અટક કરી કોર્ટમાં રજુ કરેલા તથા રીમાન્ડ મેળવવા માટેની કાર્યવાહી કરેલા તેમજ બંને આરોપીઓએ તેમની સ્વેચ્છાએ ગુનાવાળી જગ્યા બતાવતા હોઈ બે સ્વતંત્ર પંચો બોલાવી તે પંચોની હાજરીમાં આરોપીઓના બતાવ્યા પ્રમાણે ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરેલુ. જે ગુનાવાળી જગ્યા ચાકલીયા ગામની હદમાં ગુજરાત મધ્યપ્રદેશની બોર્ડર નજીક આવેલી છે તે જગ્યાએથી કોઈ ચીજવસ્તુ કબજે કરવામાં આવેલ નથી. ત્યારબાદ આ કામે આરોપીઓના નિવેદનો લીધેલા તથા સમયમર્યાદામાં નામ.કોર્ટ સમક્ષ રજુ કરેલા. ત્યારબાદ આરોપી સુરેશભાઈ કલાભાઈ મુનીયાનાઓ મળી આવતા તેઓની પુછપરછ કરી તેઓનું નિવેદન લઈ તેઓને અટક કરેલા તથા તેઓના રીમાન્ડ મેળવેલ અને તેઓ પણ તેમની સ્વેચ્છાએ ગુનાવાળી જગ્યા બતાવવા માંગતા હોઈ બે સ્વતંત્ર પંચો રૂબરુ પંચનામુ કરેલ અને ગુનાવાળી જગ્યાએથી કોઈ ચીજવસ્તુ કબજે લેવામાં આવેલ નહી. ત્યારબાદ આરોપીને કોર્ટ સમક્ષ સમયમર્યાદામાં રજુ કરેલા. ત્યારબાદ આ કામે જીલ્લા મેજીસ્ટ્રેટ શ્રી, દાહોદ નાઓએ ચાર્જશીટ કરવા માટે મંજુરી હુકમ આપતા તેમજ એફ.એસ.એલ સર્ટીફીકેટ આવતા બંને દસ્તાવેજો બીડાણમાં રાખી જાવક નં.૨૨૪૧/૨૦૧૯ ના પત્ર આધારે ચાર્જશીટના કેસ પેપરો સાથે સામેલ રાખવા માટે મોકલી આપવામાં આવેલ. ત્યારબાદ આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો જણાતો હોઈ આરોપીઓ વિરુધ્ધ ચાર્જશીટ કરવામાં આવેલ. તેમને આંક-૯૬ વાળુ પંચનામુ બતાવવામાં આવે છે જેમા પંચ નં.૧ તરીકે દિનેશભાઈ હરસિંગભાઈ હડીયા તથા પંચ નં.૨ તરીકે ચેતાન વાલસિંગ ડામોર નાઓની તથા રૂબરુમાં તેમની સહી છે. તેમને આંક-૧૪૧ વાળુ પંચનામુ બતાવવામાં આવે છે જેમા પંચ નં.૧ તરીકે રૂમાલભાઈ મતાભાઈ મુનીયા નાઓની સહી છે તથા પંચ નં.૨ તરીકે હકરીયાભાઈ પારસિંગભાઈ વહોનીયાના ડાબાહાથના અંગુઠાનું નિશાન છે અને રૂબરુમાં તેમની સહી છે.

આરોપીપક્ષ તરફથી કરવામા આવેલ ઉલટતપાસમા તેઓએ એ વાતનો ઈન્કાર કર્યો છે કે, તેમણે પંચનામાઓ જાતે તૈયાર કરી તૈયાર પંચનામાઓમાં પંચોની સહીઓ લીધેલી અને આરોપીઓને ખોટી રીતે હાલના ગુનામા સંડોવી દીધેલ છે અને આરોપીઓને ખોટી રીતે અટક કરી કોઈ પુરાવો ન હોવા છતા ખોટું ચાર્જશીટ કરેલ છે

(૨૭) ઉપરોકત તમામ હકકીકતો નજર સમક્ષ રાખી આરોપીઓ સામે જે તહોમત મુકવામાં આવે છે તે સંર્દભે ફરીયાદપક્ષ તરફે જે મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે તે સમગ્ર પુરાવાનુ મૂલ્યાંકન કરતા પહેલા એ હકીકત ધ્યાને રાખવી જરૂરી છે કે, આ કામે આરોપીઓ ઉપર ઈ.પી.કો. કલમ–૩૦૭,૫૦૪, ૧૧૪ તથા આર્મ્સ એકટની કલમ ૨૫(૧–બી)એ, ૨૭ મુજબના ગુનાઓનુ તહોમત મુકવામાં આવેલ છે. ફરિયાદ પક્ષ તરફથી આરોપીઓ સામે ઈ.પી.કો. કલમ–૩૦૭ મુજબનાં ગુનાનું તહોમત મુકવામાં આવેલ છે. હાલનાં કામે આઈ.પી.સી. કલમ–૩૦૭ ધ્યાને લીધી, આઈ.પી.સી. કલમ–૩૦૭ પુરવાર કરતી વખતે ફરિયાદ પક્ષે નીચે મુજબનાં તત્વો પુરવાર કરવા જરૂરી છે :

(૧) આરોપીઓએ કોઈ કૃત્ય કરેલ હતુ .
(૨) એવું કૃત્ય ઈરાદાપૂર્વક અથવા ગુનાહિત જ્ઞાન સાથે કરેલ હતુ .
(૩) આવા કૃત્યનાં કારણે કોઈ ઈજા થયેલ હતી.
(૪) એવુ કૃત્ય આરોપીએ કર્યુ ત્યારે આરોપી આજીવન કેદની સજા ભોગવતો હતો.
(૫) જો મૃત્યુ નિપજયુ હોત તો આરોપી ખુન માટે દોષિત ગણાત.

આમ, આઈ.પી.સી. કલમ–૩૦૭ મુજબનો ગુનો બનવા માટે ઈરાદો અને જ્ઞાન આવશ્યક તત્વો છે અને મૃત્યુ નિપજાવવાનો ઈરાદો હોય તથા આરોપી જાણતા હોય કે ઈજાને કારણે ઈજા પામનારનું મૃત્યુ નિપજશે તેવી જાણ સાથે શારીરક ઈજા પહોંચાડવાનો ઈરાદો તથા કુદરતનાં સામાન્ય ક્રમમાં મૃત્યુ નિપજાવવા પુરતી ગણાય, તેવી ઈજા પહોંચાડવાનો ઈરાદો ફરિયાદ પક્ષે પુરવાર કરવો જોઈએ માટે ફરીથી એક વખત રજુ થયેલ પુરાવાનું મૂલ્યાંકન

કરીએ તો આ કામે મહત્વના સાહેદ ફરીયાદી મગનભાઈ વાલજીભાઈ કટારા(આંક: ૮૬) નો પુરાવો ખુબ જ મહત્વનો બની રહે છે. તેમના પુરાવા મુજબ બનાવ સમયે કોઈએ ગાળાગાળી કરેલ હોય કે ઝઘડો કરેલ હોય તેવુ બનેલ નથી તેમજ તે વખતે કોઈએ ફાયરીંગ કરેલ હાય તવુ બપણ બનેલ નહી હોવાનુ સ્પષ્ટપણે સ્વીકારેલ છે. તેઓએ પોલીસને કોઈ જગ્યા બતાવેલ નથી. તેઓ કોર્ટ સમક્ષ બનાવ વખતે હાજર આરોપીઓને ઓળખી બતાવતા નથી. તેઓના જણાવ્યા મુજબ ફરીયાદ ગામાવાળાઓએ લખાવેલી અને તેમા ગામવાળાઓએ સહી કરવાનુ કહેતા સહી કરેલ છે અને ગામવાળાઓએ આરોપીઓના નામ ફરીયાદમા લખાવેલા. તેઓ મુદ્દામાલ ઓળખી બતાવતા નથી. તેઓ હોસ્ટાઈલ જાહેર થયેલા છે. ફરીયાદીના જણાવ્યા મુજબ બનાવ સમયે ઘણા માણસો ભેગા થયેલા અને લોકોમાથી કોણે શું કરેલુ તે તેમણે જોયેલ નથી. તેઓએ સ્પષ્ટપણે સ્વીકારેલ છે કે, આરોપી દિલીપ અને એમનભાઈએ ફાયરીંગ કરેલ હોય તે તેમણે જોયેલ નથી.આમ, ફરીયાદીના પુરાવા આધારે આ કામના આરોપીઓએ બનાવ સમયે ગાળાગાળી કરી ઝઘડો તકરાર કરેલ હોય અને સાહેદ તાનસીંગભાઈને મારી નાંખવાના ઈરાદે કોઈપણ આરોપીએ પોતાની પાસેની બંદુકમાથી ફાયરીંગ કરેલ હોય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. વધુમા આ કામે ફરીયાદપક્ષના વધુ એક મહત્વના સાહેદ કે જેઓની સામે ફાયરીંગ કર્યાનો આક્ષેપ કરવામા આવેલ છે તે સાહેદ નં. ૧૭ તાનસીંગભાઈ મડીયાભાઈ ડામોરની જુબાની ધ્યાને લઈએ તો તેઓએ ફરીયાદપક્ષના કેસને સમર્થન નહી આપતા તેઓને હોસ્ટાઈલ જાહેર કરવામા આવેલા છે. તેઓના પુરાવા મુજબ તેઓ પાછળથી બનાવના સ્થળે પહોચેલા અને તેમણે કોઈ વ્યકિતઓને ઓળખેલા નથી. તેમના ઉપર ફાયરીંગ કરતા તેઓ નીચે બેસી ગયેલ હોય તેવુ બનેલ હોવાનો સ્પષ્ટ ઈન્કાર કર્યો છે. બનાવના સ્થળે ઘણા માણસોનુ ટોળુ ભેગુ થઈ ગયેલુ. આમ ફરીયાદપક્ષના કેસ મુજબ આ સાહેદ ઉપર ફાયરીંગ થયેલાનો આક્ષેપ આરોપીઓ વિરૂધ્ધ કરવામા આવેલ છે પરંતુ તે બાબતે ખુદ આ સાહેદ તેમની સોગંદ ઉપરની જુબાનીમા લેશમાત્ર સમર્થન આપેલ નથી. તે સંજોગોમા ફરીયાદપક્ષનો મુખ્ય આક્ષેપ કે આરોપી એમનભાઈ ખુમાનભાઈ મુનીયાએ આ સાહેદને મારી નાંખવાના અગર તો મહાવ્યથા પહોચાડવાના ઈરાદો તેઓની સામે એક રાઉન્ડ ફાયરીંગ કરેલ પરંતુ આ સાહેદ નીચે બેસી જતા તેમને ગોળી વાગેલ નહી જે હકીકતને આ

સાહેદના પુરાવાથી સ્હેજપણે સમર્થન પ્રાપ્ત થયેલ નથી. આ સિવાય ફરીયાદપક્ષ તરફથી અન્ય જે સાહેદો તપાસવામા આવેલા છે તે તમામ હોસ્ટાઈલ જાહેર થયેલા છે અને તેઓએ તેમના ગામમા ઘાસ કાપવાના ઝઘડા બાબતે પંચ ભેગુ થયેલ હોય અને તેમા કોઈ ઝઘડો થયેલ હોય અને તેમા કોઈએ ફાયરીંગ કરેલ હોય તે હકીકતનો સ્પષ્ટ ઈન્કાર કર્યો છે. આ તમામ સાહેદોએ બનાવ નજરે જોયેલાનો સ્પષ્ટ ઈન્કાર કરેલ છે. આમ, ફરીયાદી સહિત અન્ય સાહેદોએ પણ ફરીયાદપક્ષના કેસની વિગતે લેશમાત્ર સમર્થન આપેલ નથી. એકપણ પંચનામાના પંચસાહેદોએ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપેલ નથી. આ કામે ફરીયાદપક્ષનો પુરાવો જોતાં આરોપીઓનો આ ગુનામા ચૌકકસ કયા પ્રકારનો રોલ છે તે પ્રસ્થાપિત થતુ નથી. કોઈ આરોપીઓના નામ કોઈ સાહેદ તેમની સોગંદ ઉપરની જુબાનીમા જણાવતા નથી. આ કિસ્સામા ખાસ કરીને ફરીયાદીની જુબાની મુજબ આરોપી એમનભાઈએ સાહેદ તાનસીંગભાઈ મડીયાભાઈ ડામોર ઉપર ફાયરીંગ કરેલ તે બાબતે સ્પષ્ટ પુરાવો આપતા નથી. ફરીયાદીએ સ્થળ ઉપર આરોપીઓને જોયેલાનુ જણાવતા નથી તેમજ કોર્ટ સમક્ષ પણ ઓળખી બતાવતા નથી. તેવા સંજોગોમા આ સાહેદના પુરાવાથી બનાવ સમયે અને સ્થળે આરોપીઓની હાજરી પુરવાર થતી નથી. તેવા સંજોગોમા આરોપીઓની આ ગુનામા સંડોવણી, બનાવ સમય અને સ્થળે હાજરી ફરીયાદીના પુરાવાથી પુરવાર થતી નથી. જેથી ફરીયાદીનો પુરાવો આ કિસ્સામા વિશ્વાસનિયતા ધરાવતો નથી. ઉપર ચર્ચા કરી તે ફરીયાદી સહિત કોઈપણ સાહેદોએ એકપણ આરોપીને સ્થળ ઉપર કે કોર્ટ સમક્ષ ઓળખતા નથી તેવુ જણાવે છે ત્યારે નિશંકપણે આરોપીઓ આ બનાવમા સામેલ હોય તેવુ ફરીયાદપક્ષના પુરાવા ઉપરથી પ્રસ્થાપિત થતુ નથી તેમજ આરોપી એમનભાઈએ ફાયરીંગ કરેલ હોય તે પણ નિશંકપણે પુરવાર થતુ નથી. તેવા સંજોગોમા આરોપીઓની આ ગુનામા સંડોવણી પ્રથમદષ્ટ્રિએ ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી.

જયાં સુધી ઈ.પી.કો.ક. ૫૦૪ ના ગુનાને લાગેવળગે છે ત્યાં સુધી **ના.ગુજરાત હાઈકોર્ટના પ્રવિણભાઈ બેચરભાઈ પટેલ વિ. સ્ટેટ ઓફ ગુજરાત**ના ચુકાદાની હકીકત ધ્યાને લઈએ તો આ કિસ્સામા ફરીયાદપક્ષના કોઈપણ સાહેદના પુરાવાથી આરોપીઓએ શું ગાળો આપેલી અને ફરીયાદપક્ષના સાહેદોને પ્રકોપીત થાય તેવા ઈરાદાથી શું કૃત્ય કરેલ

તે નિશંકપણે ફરીયાદપક્ષ પુરવાર કરી શકતા નથી. વધુમા  ફરીયાદી તેમજ અન્ય સાહેદોના પુરાવાનુ મૂલ્યાંકન કરવામા આવે તો  આરોપી એમનભાઈએ બનાવ સમયે બંદુક ધારણ કરેલ હોય કે તે બંદુકમાથી ફાયરીંગ કરેલ હોય તે બાબત પણ પુરવાર થતી નથી તેવા સંજોગોમા આરોપીઓએ આર્મ્સ એકટ હેઠળ પણ કોઈ ગુનો કરેલ હોવાનુ પુરવાર થતુ નથી. ફરીયાદપક્ષનો સમગ્ર પુરાવો ધ્યાને લઈએ તો ત.ક.અમલદારોએ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપેલ છે પરંતુ ના.ગુજરાતના નીચે મુજબના ચુકાદામા પ્રસ્થાપિત કર્યા મુજબ ત.ક.અમલદારનો પુરાવો એ માત્ર પુરાવો એકઠો કરવાની કાર્યવાહીનો પુરાવો છે અને ત.ક.અમલદારને બનાવની હકીકત તપાસ દરમ્યાન જે ખુલે તેના ઉપરથી પ્રાપ્ત થાય છે તેમને બનાવનુ અંગત જ્ઞાન હોઈ શકે નહી.

> **The Hon'ble Gujarat High Court** in **1988(1) GLH page 375** delivered by **the Hon'ble Justice D.C.Gheewala and Hon'ble Justice J.C.Desai** in the case **Hamiddullah Bismillahkhan Nawab Vs. State of Gujarat,** wherein it is held that, “knowledge of IO regarding the occurrence cannot be said to be in personal knowledge of IO and it cannot be considered as evidence against the accused.”

(૨૮) ફોજદારી ન્યાયના સિધ્ધાંત મુજબ ફરીયાદપક્ષે પોતાનો કેસ શંકાથી પર રીતે પુરવાર કરવો પડે. માત્ર શંકાના આધારે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી. **ના. સુપ્રીમ કોર્ટે ૨૦૦૪ જીએલએચએલઈ. સુ.કો. ૭૩૦૨ દસારી શીવા પ્રસાદ રેડ્ડી વિ. પબ્લીક પ્રોસીકયુટર**ના ચુકાદામા નિર્ણિત કરેલ છે કે, શંકા ગમે તેવી મજબુત હોય તો પણ તેના ઉપરથી સજા થઈ શકે નહી અને " may be true " અને " must be true " વચ્ચેનો તફાવત છે. તે સંજોગોમા ઉપર ચર્ચા કરી તે મુજબ ફરીયાદપક્ષ નિશંકપણે મુદ્દા નં. ૧ ની હકીકત ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ ના હોઈ મુદ્દા નં.ર અન્વયે આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકતો નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## :: **હુ ક મ** ::

(૧) ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૩૫(૧) અન્વયે **સેશન્સ કેસ નં.૮૧/૧૮** ના કામના આરોપીઓ (૧)દિલીપભાઈ માનુભાઈ પારગી રહે. બાલાવાસા, તા. થાંદલા જી. ઝાબુઆ,મધ્યપ્રદેશ(૨)એમનભાઈ ખુમસીંગભાઈ મુનીયારહે. ચાકલીયા, મહુડી ફળીયા,તા. ઝાલોદ,જી. દાહોદ (૩) સંતોષભાઈ ઘુળાભાઈ ડામોર રહે. કાકરાકુવા, તા. ઝાલોદ,જી. દાહોદ(૪) રસુભાઈ કલજીભાઈ મહીડારહે. ચોરાછોટા, તા. સજ્જનગઢ, જી. બાંસવાડા, રાજસ્થાન તથા સેશન્સ કેસ નં. **સે.કે.નં.૧૧૩/૧૮** ના કામના આરોપી સુનીલભાઈ ઉર્ફે સુનીયો એહન ચારેલ રહે. ઝારડી, બેડવા ફળીયુ, તા.થાંદલા,જી. ઝાબુઆ,મધ્યપ્રદેશ તથા **સે.કે.નં.૧૪૩/૧૯** ના કામના આરોપીઓ (૧)સુરેશભાઈ કલાભાઈ મુનીયા રહે.ચાકલીયા, મોટીમહુડી,તા. ઝાલોદ,જી. દાહોદ (૨)બીનુભાઈ વાલાભાઈ ચારેલ રહે. ઝારણી, બેડવા ફળીયા, તા. થાંદલા, જી.ઝાબુઆ,મધ્યપ્રદેશનાઓને ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૭,૫૦૪,૧૧૪ તથા આર્મ્સ એકટની કલમ ૨૫(૧–બી)(એ), ૨૭મુજબના સજાને પાત્ર ગુના અંગે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ ફરમાવવામા આવે છે.

(૨) આ ગુનાના અન્ય આરોપીઓ નાસતાં ફરતાં હોઈ મુદ્દામાલ અંગે હાલ કોઈ હુકમ કરવામા આવતો નથી.

(૩) ત્રણેય સેશન્સ કેસના આરોપીઓ જામીન ઉપર હોઈ તેમના જામીનખત રદ કરવા.

(૪) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) હેઠળ આરોપીઓને એવો આદેશ આપવામાં આવે છે કે, અપીલના કામે નામદાર ગુજરાત હાઈકોર્ટમા જરૂર પડયે હાજર થવા તેઓએ હુકમની તારીખથી દિન–૭ મા **રૂા.૧૫,૦૦૦/–** (અંકે રૂપિયા પંદર હજાર પુરા) નાં સધ્ધર જામીન અને તેટલી જ રકમના જાત મુચરકા રજુ કરવા.

(૫) આ જજમેન્ટની એક નકલ સેશન્સ કેસ નં. ૧૧૩/૧૮ અને ૧૪૩/૧૯ ના કામે સામેલ રાખવી.

હુકમ આજરોજ તારીખ : ૨૪મી માહે : ઓગષ્ટ સને–૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તારીખ : ૨૪–૦૮–૨૦૨૨
સ્થળ :દાહોદ

(**ચંન્દ્રપાલસિંહ. કે. ચૌહાણ**)
બીજા એડીશ્નલ સેશન્સ જજ
દાહોદ
યુ.આઈ.સી. નં.૦૦૫૧૩

***C.H.B.***